ગાંધીનગર સમાચાર

## આકરી ગરમીમાં સે-૩માં પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં આક્રોશ

# શહેરમાં હજુ બે દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગરમીનુ પ્રમાણ દિનપ્રતિદિન વધતા રોજ રેકર્ડબ્રેક તાપમાન નોંધાય છે. આજે પણ સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો આજે ૪૨.૫ ડીગ્રી પહોંચ્યો હતો. ગરમી પ્રકોપના લીધે નગરજનો લું ના શિકાર બની રહયા છે. આકરી ગરમીના લીધે સેકટરોમાં પણ બપોરના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. સુરજદાદા ઉગ્ર બનતા અંગ દઝાડતી ગરમીથી નગરજનો તોબા પોકારી ગયા છે. હજુ પણ બે દિવસ ગરમી પ્રકોપ વધુ રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

ઉનાળો આકરો બનતા ગરમીએ નગરજનોને બાનમાં લીધા છે. ગરમી પ્રકોપથી જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. વધતા ગરમીની ઋતુ વધુ આકરી બની છે. અસહ્ય ગરમી અને વેકેશનના લીધે શહેરમાં દિનભર સન્નાટો જોવા મળે છે. જયારે ગરમીનુ પ્રમાણ ઓછુ થવાના લીધે

### ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રીએ પહોંચ્યો છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ૨.૫ ડી ગ્રી વધ્યુ

છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો સતત ઉંચો આવતા રોજ સિઝનની રેકર્ડબ્રેક ગરમી નોંધાય છે. ગરમીના પારો ૪૦ ડી ગ્રી થી લઈ હાલ ૪૨. ૫ ડીગ્રી પહોંચી જતા ઉનાળાની ઋતુ અસહ્ય બની છે. છેલ્લા ત્રણ દિવસમાં ૦.૫ થી લઈ દોઢ ડીગ્રી સુધી મહત્તમ તાપમાન રોજબરોજ વધતા નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. આકરી ગરમીએ નગરજનોને બાનમાં લેતા સેકટરોની શેરીઓમાં પણ દિવસ દરમિયાન ખાલીપો જોવા મળે છે. જયારે ગરમીથી બચવા માટે સેકટરવાસીઓ ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે.

**નોટીસ**

સાંચા કામ સબબે, તારીખ ૨/૫/૨૦૧૬ સોમવારના રોજ નીચે જણાવેસ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦-૩૦ કલાકથી બપોરના ૪-૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી.

(૧) વાલ્મી સબસ્ટેશન, સેક્ટર-૮,
(૨) સેક્ટર-૨૧ પેટ્રોલ પંપ સબસ્ટેશન
(૩) સેક્ટર-૨૫ રોડ નંબર-૫ સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ

**મકાન વેચવાનું છે**

સેક્ટર-૨૨, પ્લોટ -૨૦૦ ચો.મી. 4BHK, પ્રાઈમ લોકેશન, ગાર્ડન ફેસીંગ.
(દલાલ મિત્રો માફ)
મો. : ૯૪૨૯૫ ૭૯૯૭૯

**જોઈએ છે**

ઘરડાં ઘર માટે રખિયાલ (કલ્યાણજીના મુંવાડા) મુકામે સંસ્થાને મેનેજર - (ઉં. ૪૦થી વધુ) તથા રસોઈ કામ માટે રસોઈયા ની જરૂર છે. (કપલને પ્રાથમિકતા)
સંપર્ક : ૯૬૮૭૦ ૨૭૯૧૨, ૭૫૭૨૯૯૫૯૯૫



Authorised Dealer
TITAN
Sales & Service
All type of Battery & Belt Available
SONI TIMES
Nr. Cinemax Box Office, Suman City, Sec-11, Gandhinagar
Mo. 099796 41939 Sunday Close



(તસવીર : કશ્યપ નિમાવત)

વેકેશનનો આરંભ - શાળાઓના પરિણામો જાહેર થતાં છાત્રાલયમાં ભણતી છાત્રાઓ વતનભણી જવા કાલ બપોરથી જ નિકળી હતી... શહેરમાં છાત્રાલયમાં રહી ભણતા આઠ હજારથી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ આજકાલ ઘર જવા રવાના થઈ રહ્યા છે... બે મહિનાના વેકેશનની ખુશી દરેકના ચહેરા પર વર્તાય છે...

# પક્ષના આદેશનો ભંગ કરનારા ત્રણ સભ્યો સામે પક્ષાંતર ભંગની અરજી કરાઈ : પંચાયતમાં ગરમાવો

### સોમવારે વિકાસ કમિશનરની કચેરીમાં સુનાવણી બાંધકામ સમિતિના ચેરમેન અને અન્ય બે સભ્યો પર લટકતી તલવાર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન સહિત અન્ય બે સભ્યો સામે પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહી કરવાની વિકાસ કમિશનર સમક્ષ કરાયેલી અરજીને પગલે પંચાયતનું રાજકારણ વધુ એક વખત ગરમાયુ છે.

**સ્ટોક માર્કેટ ઓફીસ સ્ટાફ**

(૧) ટર્મીનલ ઓપરેટર NSE - BSE - COMMODITY
(૨) ફ્રન્ટ ઓફીસ આસીસ્ટન્ટ (વ્હીકલ જરૂરી)
(૩) ઓફીસ બોય (વ્હીકલ જરૂરી)
પગાર રૂ. ૫૦૦૦થી ૧૫૦૦૦ + ઈન્સેન્ટીવ + મેડીકલ + પેટ્રોલ
M. 8511568737

બાંધકામ સમિતિની પ્રથમ બેઠકમાં જ બળવો કરી વર્તમાન ચેરમેન અમૃતાબેન ચેરમેન બન્યા હતા. આ સામે પક્ષનો મેન્ડેટ અપાયો હતો તેવા શ્રી શંકરભાઈ ચૌધરીએ બળવો કરનારા ત્રણ સભ્યો અમૃતાબેન, ભાવિનસિંહ તથા કુડાસણની બેઠક પરથી વિજયી બનેલ બેચરજી ઠાકોર સામે પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહી કરવાની અરજી કરી છે.

વિકાસ કમિશનરશ્રીએ સભ્યશ્રીની અરજીને ધ્યાને રાખી ૨જી મે ની મુદતે ત્રણેય સભ્યોને તેમના જવાબ સાથે હાજર રહેવા જણાવતાં પંચાયતનું રાજકારણ વધુ એક વખત ગરમાયુ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધ રદ કરી હતી પરંતુ આ સામે અમૃતાબેને પંચાયત સચિવમાં અપીલ કરતાં પંચાયત સચિવે અમૃતાબેનની નિમણુંકને બહાલી આપતાં તેમણે તેમના હોદ્દાનો કાર્યભાર સંભાળી લીધો હતો.

બાંધકામ સમિતિની જેમ શિક્ષણ સમિતિમાં પણ બળવો થયો હતો પરંતુ તેમાં પ્રદેશ નેતાઓની દરમ્યાનગીરીથી મામલો થાળે પડ્યો હતો અને કાર્યવાહી નોંધ રદ કરવાના નિર્ણય સામેની અપીલ ભાવિનસિંહે પરત ખેંચી હતી. આ પછી બધી જ બાબતો થાળે પડી ગઈ હોવાનું ચિત્ર ઉપસ્યુ હતુ.

● અનુસંધાન પાન-૩ પર

# ગ્રામસભા અભિયાનમાં ૨૫૦ પ્રશ્નો વણ ઉકલ્યા રહ્યા !!

### મોખાસણમાં ગ્રામજનોએ ગ્રામસભાનો બહિષ્કાર કર્યો હોવાના તથા મોખાસણ, ભાદોલ અને કોબામાં સ્થાનિક કારણોસર કિસાન સભા ન થઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ગ્રામોદયથી ભારત ઉદય અંતર્ગત યોજાયેલ ખાસ ગ્રામસભા અભિયાનમાં ૫૨૫ જેટલા પ્રશ્નો લોકોએ રજુ કર્યા હતા.

ગ્રામસભામાં રજુ થયેલા આ પ્રશ્નો પૈકી ૫૦ ટકા અર્થાત ૨૫૦ જેટલા પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે. દરેક ગ્રામસભા અભિયાનને અંતે ૫૦ ટકાથી વધુ પ્રશ્નો વણ ઉકલ્યા રહેતા હોવાથી જિલ્લાની પ્રજાને હવે આ અભિયાન નિરસ લાગી રહ્યું છે.

આ અભિયાનમાં ૩૪ હજાર જેટલા લોકોએ જ ભાગ લીધો હોવાના પ્રાથમિક અહેવાલો છે. જ્યારે કલોલ તાલુકાના મોખાસણ ગામે પેયજળ અંગે વાસ્મોની કામગીરી અપૂર્ણ રહી હોવાથી ગ્રામજનોએ ગ્રામસભાનો બહિષ્કાર કર્યો હતો તેવા અહેવાલો પણ આવી રહ્યા છે.

ગ્રામોદયથી ભારત ઉદયના અભિયાન અંતર્ગત કિસાન સભાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોખાસણ, ભાદોલ અને કોબામાં સ્થાનિક કારણોસર કિસાન સભા નહિ થઈ

● અનુસંધાન પાન-૩ પર

# આકરી ગરમીમાં સે-૩માં પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં આક્રોશ

### સેકટરના બગીચાની લાઇટો પણ ડુલ

ગાંધીનગર તા ૩૦

સે- ૩ સીમાં છેલ્લા એક અઠવાડીયાથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આકરી ગરમીના દિવસોમાં પાણી ફોર્સથી ન આવતા સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. સેકટરના બગીચામાં પણ સોલાર લાઈટો ડુલ રહેતા રાત્રીના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. સેકટરમાં લાઈટ પાણીની સમસ્યાના લીધે રહીશોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

સે-૩ સીમાં બે દિવસ પુર્વે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રાત્રિના સમયે અંધારપટ્ટ છવાયો હતો. જયારે સેકટરના બગીચામાં પણ ૮ જેટલી સોલાર લાઈટો બંધ રહેતા રાત્રિના અંધારુ છવાઈ જાય છે જેના પરિણામે વેકેશનના દિવસોમાં નગરજનોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. બીજીતરફ સેકટરમાં પાણી પણ ફોર્સથી ન આવતા રહીશોને પરેશાની વેઠવી પડે છે. એકબાજુ ગરમી પ્રકોપના લીધે સેકટરવાસીઓ બેબાકળા બન્યા છે. ત્યારે છેલ્લા એક અઠવાડીયાથી પાણી પણ ફોર્સથી ન આવતુ હોવાની ગૃહીણીઓમાં બુમ ઉઠવા પામી છે. આ મામલે સેકટરના વસાહત મંડળના પ્રમુખ નરસિંહભાઈ પરમારે પણ રજુઆતમાં જણાંવ્યુ છે કે સેકટરમાં ગરમી તેમજ લાઈટની સમસ્યાનો અંત નહીં આવે તો રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે.

**પાટનગર ગાંધીનગરની બિગેસ્ટ ગ્રાન્ડ બમ્પર હાઉસી**
તથા શોપિંગ ફિએસ્ટા ૨૮મી મે,૨૦૧૬ના રોજ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે
**Capital's Biggest Grand Bumper Housie**
& Shopping Fiesta




Event By : orabella EVENTS
Be Ready to Win Car , 2 Wheelers, Electronic Items & Many more Prizes
Reserve Your Tickets NOW
For Sponsorship, Prize Sponsorship, Promotion, Stall Booking, Entry Pass Booking Contact
+91 98796 19922
e-mail : rajesh@theinfocity.net , rcb1239@yahoo.com

**ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડની સિદ્ધિઓ**

૧. વર્ષ ૨૦૧૩-૧૪નું નાગરિક પુરવઠા નિગમનું ટર્નઓવર રૂ. ૧૮૮૧ કરોડથી વધીને વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૨૫૦૦ કરોડ થવા પામેલ છે. જે રૂ. ૬૧૯ કરોડના વધારા સાથે નિગમએ રૂ. ૫.૫૬ કરોડ (૭૯%)નો નફો કરેલ છે.

૨. વર્ષ ૨૦૧૫-૧૬માં નિગમ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાની જરૂરિયાત માટેની ખાંડની ખરીદી પારદર્શક તથા કાર્યક્ષમ E.Procurement System દ્વારા કરવાથી રાજ્ય સરકારની રૂ. ૩૯/- કરોડની સબસીડીની બચત થયેલ છે.

૩. નેશનલ ફુડ સીક્યોરીટી એક્ટ (NFSA)ની અમલવારીને ધ્યાને લઈ આગોતરા આયોજનથી રાજ્ય સરકારની મંજૂરી લઈ નિગમની અનાજની સંગ્રહશક્તિ ૨,૮૯ લાખ મે. ટન (૫૦૧ ગોડાઉન)થી વધારીને ૫.૮૨ લાખ મે. ટન (૬૨૫ ગોડાઉન) એટલે કે બમણી કરવા ૧૨૪ નવા ગોડાઉનોનું આયોજન કરેલ છે.

૪. રાજ્યના પ્રેરણાદાયી ખેલદીલીની ભાવના વધે તેવા 'ખેલ મહાકુંભ'ને અનુલક્ષીને તાજેતરમાં નિગમની વહીવટી સંકુલમાં કાર્યરત નિગમોના અધિકારી / કર્મચારીઓ વચ્ચે ટેબલ ટેનીસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી હેઠળ અડાલજ, તારાપુર અને ખોરજ સરકારી શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષક માટે રૂ. ૧.૫૦ લાખનું દાન ઉપરાંત સેક્ટર-૨૦, ગાંધીનગર સ્થિત સરકારી શાળામાં મલ્ટી પર્પઝ શેડ પણ નિગમ દ્વારા અર્પણ કરવામાં આવેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com